
# રાજ્યના હિતોના ભોગે મોદીનું માર્કેટીંગ : અર્જુન મોઢવાડીયા

## એપકો વર્લ્ડ વાઈડ એજન્સીને કોંગ્રેસની ચેતવણી : પ્રતિનિધિમંડળ અમેરિકી સરકારે નહિ પરંતુ ફ્રેન્ડઝ ઓફ બીજેપીએ મોકલ્યું : કોંગ્રેસ પ્રદેશ પ્રમુખનો ગંભીર આક્ષેપ

અમદાવાદ, તા.૨૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લઈ તેમને અમેરિકા આવવાનું આમંત્રણ આપનાર અમેરિકી પ્રતિનિધિ મંડળ તે અમેરિકાની સરકારનું સત્તાવાર પ્રતિનિધિ મંડળ ન હતું અને તેમાં અમેરિકન સાંસદોનો પણ સમાવેશ થતો નથી. આ પ્રતિનિધિ મંડળને ફ્રેન્ડસ ઓફ બીજેપી દ્વારા મોકલવામાં આવ્યું હતું. જે એક સામાન્ય પ્રકારનું પ્રતિનિધિ મંડળ જ હતું. તેવો ધડાકો કરી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ એવી પણ ચેતવણી ઉચ્ચારી હતી કે, નરેન્દ્ર મોદી માટે પીઆર અને લોબીઈંગનું કામ કરનાર એજન્સી એપકો વર્લ્ડવાઈડ ગુજરાતના હિતોને નુકશાન પહોંચાડશે તો તેની સામે આંદોલન કરવાની કોંગ્રેસને ફરજ પડશે. અર્જુન મોઢવાડીયાએ આજે કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ભવન ખાતે એક પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમેરિકાના આ પ્રતિનિધિમંડળના વિશે લોકોમાં ભ્રામકતા ફેલાવવામાં આવી રહી છે. જાણે કે આ પ્રતિનિધિમંડળ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા મોકલવામાં આવ્યું હોય અને ઓબામા વતી મોદીને અમેરિકાની મુલાકાત લેવાનું આમંત્રણ અપાયું હોય એવો એક ભ્રમ ફેલાવવામાં આવ્યો છે. આ પ્રતિનિધિમંડળમાં અમેરિકાના કોઈ સાંસદોનો સમાવેશ થતો નથી. અમેરિકાના હાઉસ ઓફ કોંગ્રેસ કે જેમાં ૮૦૦ જેટલા પ્રતિનિધિઓ ચૂંટાય છે અને જેને કોંગ્રેસમેન અથવા પ્રતિનિધિ કહેવામાં આવે છે, તેવા ૩ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. અન્ય સભ્યોમાં કોઈ મોટો ગજાના ઉદ્યોગપતિઓ નથી પણ સાવ સામાન્ય વેપારીઓ છે. એપ્કો વર્લ્ડવાઈડ દ્વારા ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા તેમને ગુજરાત અને ભારતમાં ફરવા માટે મોકલવામાં આવ્યા છે.

તેમણે ચેતવણી આપી હતી કે, મુખ્યમંત્રી મોદી માટે તેમની ઈમેજ મેકિંગનું કામ કરનાર આ પીઆર એજન્સી ગુજરાતના સંસાધનોને લૂટાવવાનું કામ કરી રહી છે. કેમ કે આ જ પીઆર કંપનીએ અમેરિકાના ટાઈમ્સ મેગેઝિનની એશિયન આવૃત્તિમાં મોદીના ફોટા સાથેની કવરસ્ટોરી પ્રસિદ્ધ કરાવી હતી અને તેના બદલામાં અમેરિકાની એક કાર ઉત્પાદક કંપનીને ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપવા બદલ રૂા. ૨૦ હજાર કરોડનો લાભ અપાયો છે. આવી જ એક મહિલાએ લોબિંગ કરીને નેનો પ્લાન્ટ ગુજરાતમાં લાવીને રૂા. ૩૩ હજાર કરોડનો લાભ અપાવ્યો છે. મુખ્યમંત્રી પોતાની ઈમેજ સુધારવાના પ્રયાસો કરે તેની સામે કોંગ્રેસને કોઈ વાંધો નથી. પરંતુ ગુજરાતના સંસાધનોને કે ગુજરાતની તિજોરીને લૂંટવા કે લૂંટાવાનો પ્રયાસ કરાશે તો આ પીઆર એજન્સી અને લોબિંગ એજન્સીને ગુજરાત છોડવાની ફરજ પાડવામાં આવશે.



ગુડફ્રાઈડે નિમિત્તે જુદા-જુદા ચર્ચમાં ખાસ પ્રાર્થના સભા અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

# ગુજરાતભરમાં ગરમી યથાવત

## વલ્લભ વિદ્યાનગરમાં મહત્તમ તાપમાન૩૭.૬ : અમદાવાદમાં ૩૪.૩, રાજકોટ ૩૫.૬, મહુવા ૩૫.૪, અમરેલી ૩૫.૩ ડિગ્રી સેલ્સીયસ

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ સહિત રાજ્યમાં આજે પણ ગરમીનું પ્રમાણ ચાલુ રહ્યું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી વલ્લભવિદ્યાનગરમાં ૩૭.૬ ડિગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ,દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૩ ડિગ્રી સેલ્સીયસ નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૬ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૬ ટકા નોંધાયુ હતુ. અમદાવાદમાં ગરમીને કારણે તરબુચ, બરફના ગોળા, શેરડીનો રસ, આઈસક્રીમ વગેરેના વેચાણમાં વધારો જોવા મળ્યો છે. લોકો રાત્રે લટાર મારવા નીકલે છે. પંખા, એરકંડીશનરો અને એર કુલરોના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજયમાં મહત્તમ તાપમાન કંડલા-એરપોર્ટમાં ૩૫.૨, ભાવનગરમાં ૩૩.૭, ભુજમાં ૩૪.૬, ગાંધીનગરમાં ૩૪.૬, વલ્લભવિદ્યાનગરમાં ૩૭.૬, વડોદરામાં ૩૪.૭, સુરતમાં ૩૩.૨, રાજકોટમાં ૩૫.૬, સુરેન્દ્રનગરમાં ૩૫.૧ અને ડિસામાં ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.

# હવે સાબરમતી પટમાંથી લીલ, કચરાની સફાઈ માટે કામ શરૂ

## વનસ્પતિજન્ય કચરાને દૂર કરવા ફ્લોટીંગ ટ્રેશ રીમુવલ કમ હાર્વેસ્ટર મશીનનો ઉપયોગ : ઝુંબેશ અંતે શરૂ કરાઇ

અમદાવાદ, તા.૨૯

સાબરમતી નદીના પટમાં લીલ, વનસ્પતિ અને જામેલા કચરાનો નિકાલ કરીને નિયમીત સફાઈ કરવાની ઝુંબેશ મ્યુનિસિપલ કોર્પોરેશને હાથ ધરી છે.મ્યુનિસિપલ કમિશનર ડૉ.જી.મહાપાત્રાએ આજે જણાવ્યું હતુ કે, સાબરમતી નદી ઉપર સાત પુલો છે તેના ઉપરથી પબ્લિક દ્વારા પ્લાસ્ટિકની થેલીઓ, જુના કપડાઓ, જુતાઓ, જુના ફર્નિચરો વિગેરેનું વિસર્જન કરવામાં આવતું હોવાથી નદીમાં પુષ્કળ પ્રમાણમાં કચરાનું નિર્માણ થાય છે. હળવો કચરો પ્લાસ્ટિક તેમજ પુજા સામગ્રી તરતી રહે છે અને અન્ય કચરો નદીના તટમાં જમા થાય છે.

નદીમાં નર્મદાની મુખ્ય કેનાલમાંથી છોડાતું પાણી વાસણા બરાજના કારણે રોકાય છે અને વાસણા બરાજના ઉપરવાસમાં ૧૧ કિલોમીટર સુધી પાણી ભરાયેલું અને સ્થિર રહે છે. જેના કારણે નદીમાં આવતાં ગટરના પાણીને નદીમાં આવતું રોકવા છતાં નદીમાં જમા થતાં ઉપરોક્ત દર્શાવેલા કચરાના કારણે નદીની સપાટી ઉપર લીલ તથા અન્ય પાણીજન્ય વનસ્પતિ ઉગતી હોઈ નદીની સપાટી ઉપર તેનો વ્યાપ ખુબ જ વધતો જાય છે. આ માટે કોર્પોરેશન દ્વારા નીચે પ્રમાણેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

નદી ઉપરના તમામ પુલોની બન્ને બાજુએ પુજાસામગ્રી (નિર્માલ્યના) નદીમાં ન પધરાવવા માટેના વિકલ્પરૂપે વિશિષ્ટ પ્રકારના કુંભ સફાઈ કામદાર સહિત મુકવામાં આવ્યા છે. સાબરમતી નદીના પાણીનીસપાટી ઉપર દેખાય તેવી લીલ તથા તરતા કચરાની સફાઈ તથા નિકાલ કરવાનું કામ પતંગોત્સવના દિવસો દરમિયાન સ્ટ્રેચવાઈઝ આપવામાં આવેલું હતું અને ત્યારબાદ નિયમીતરૂપે નિકાલ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી નદીની અંદર કચરાના કારણે લીલ તથા પાણીજન્ય વનસ્પતિનો વિકાસ થાય છે તે અટકાવવા માટે ઈકોલોજીકલ એપ્રોચ/બાયોરેમેડીયલ ટેકનોલોજીથી નદીની પાણીની ગુણવત્તા જાળવવાનો ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાનું કામ ઈન્ટાક સંસ્થા પાસે કરાવવાનું નક્કી કર્યુંછે. સાબરમતી નદીની સપાટી ઉપર તરતો કચરો, લીલ તથા અન્ય વનસ્પતિ જન્ય કચરાના નિકાલ માટે વિશિષ્ટ પ્રકારના ફ્લોટીંગ ટ્રેશ રીમુવલ કમ હાર્વેસ્ટર મશીન દ્વારા આધુનિક રીતે નિકાલ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે અને આ માટે આ પ્રકારના મશીનની ખરીદી તથા તેના ઓપરેશન મેઈન્ટેનન્સ માટે ટેન્ડર બહાર પાડી આગળની કાર્યવાહીચાલુ છે.

# ડીપ્લોમા એન્જિ.નું રિઝલ્ટ જીટીયુની વેબસાઈટ પર મૂકાશે

અમદાવાદ, તા.૨૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા પરિણામો જાહેર કરવાના વિલંબના મુદ્દે વિવાદ સર્જાયો હતો અને વિદ્યાર્થીઓએ જો અત્યારે પરીણામ ન જાહેર કરાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી. જેનાથી સફાળા જાગેલા જીટીયુ તંત્ર દ્વારા આજે ડીપ્લોમા એન્જિનીયરિંગનું પરીણામ વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યું છે. જો કે આ પરીણામ જાહેર કરવાને લઈને પણ વિવાદ સર્જવાનું બાકી રહ્યું છે. કારણે જે જીટીયુ દ્વારા બે દિવસ પહેલાં વેબસાઈટ ઉપર ડિપ્લોમા એન્જિનીયરિંગનું પરીણામ વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યું હતું. જોકે પરિણામ વેબસાઈટ ઉપર મુકાયાના એક જ કલાકમાં પરિણામ પરત ઉતારી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે ફરીથી પરિણામ વેબસાઈટ ઉપર મુકાતા અનેક તર્ક વિતર્કો શરૂ થયા છે.ઉલ્લેખનીય છે કે,ડિપ્લોમા એન્જિનિયરીંગનાં પ્રથમ, તૃતીય અને પાંચમાં સેમેસ્ટરની પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષાના ચાર મહીના કરતા વધુ સમય વિતવા છતાં પરિણામ જાહેર ન કરાતા વિવાદ સર્જાયો હતો. ત્યારે પરિણામ તૈયાર થયા બાદ બે દિવસ પહેલા જીટીયુ દ્વારા વેબસાઈટ પર પરિણામ જાહેર કરી દેવાયું હતું અને એક જ કલાકમાં ઉતારી લીધુ હતું. ત્યારબાદ આજે ફરીથી પરિણામ જાહેર થતાં પરિણામના પડદા પાછળ કંઈક રંધાઈ રહ્યું હોવાના તર્ક વિતર્ક શરૂ થયા છે.

# આવતીકાલે અમદાવાદમાં વિરાટ હિન્દુ સંગમનું આયોજન

## મોહન ભાગવત ખાસ ઉપસ્થિત રહેશે : વિહીપના કાર્યક્રમમાં મંદિરના નિર્માણ માટે સંસદ કાયદો પસાર કરે તે માટે દબાણ લાવવા ગુજરાતથી પહેલ કરાશે

અમદાવાદ, તા.૨૯

અમદાવાદના ફૂટબોલ ગ્રાઉન્ડ કાંકરિયા ખાતે ૩૧મી માર્ચ રવિવારના રોજ ૧૧ થી ૪ કલાક દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાતના કાર્યકરોનું એક વિશાળ 'હિન્દુ સંગમ'નું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત આ હિન્દુ સંગમમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘ ચાલક મોહન ભાગવત ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડો.પ્રવિણ તોગડીયા પણ ખાસ હાજર રહી એક વિશેષ ઘોષણા કરશે. આ હિન્દુ સંગમમાં વિહિપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ રાઘવ રેડ્ડી અને કેન્દ્રીય સંયુક્ત મહામંત્રી વિનાયક રાવ દેશપાંડે પણ હાજરી આપશે.

વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાતના કાર્યકારી અધ્યક્ષ કૌશિક મહેતા તથા કાર્યકારી મહામંત્રી રણછોડ ભરવાડે આજે એક પત્રકાર પરિષદમાં આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, તાજેતરમાં તીર્થરાજ પ્રયાગ ખાતે સમ્પન્ન થયેલા મહાકુંભમાં સાધુ સંતોની ધર્મસંસદ મળી હતી. આ ધર્મ સંસદમાં લેવાયેલ કેટલાક નિર્ણયોનો અમલ કરવા તથા આગામી ૨૮મી ઓગસ્ટ ૨૦૧૩ના રોજ વિશ્વ હિન્દુ પરિષદને ૫૦મું વર્ષ શરૂ થતું હોવાથી સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે સંપૂર્ણ ગુજરાતમાં હિન્દુ સંગઠનને વધુ વિસ્તૃત અને શક્તિશાળી બનાવવા વિશાળ હિન્દુ સંગમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે તેમણે એમ પણ જણાવ્યું હતું કે, અગાઉ જે રીતે સોમનાથ મંદિરના ભવ્ય પુનઃનિર્માણ અંગે સંસદે કાયદો પસાર કર્યો હતો. તેવી જ રીતે રામજન્મભૂમિ પર રામમંદિરના નિર્માણ માટે પણ સંસદ કાયદો પસાર કરે તેવી માંગ ગુજરાતથી શરૂ કરી સમગ્ર દેશમાં બળવાન બનાવવામાં આવશે.

આ સંદર્ભમાં તા.૧૧મી એપ્રિલથી ૧૩ મે દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં દસ હજાર ઘરોમાં રામધુનનું આયોજન કરાશે. રામમંદિરના ભવ્ય નિર્માણ માટે સંસદ કાયદો પસાર કરે તે માટે દબાણ ઉભું કરવાની ગુજરાતમાંથી જ પહેલ થશે. ૩૧મી માર્ચ રવિવારે યોજાનાર આ વિરાટ હિન્દુ સંગમમાં ડો.પ્રવિણ તોગડીયા એકશન પ્લાન ઘોષિત કરશે અને રાજ્યભરમાંથી ઉમટી પડનારા કાર્યકરો રામ મંદિરના નિર્માણ માટે સામુહિક સંકલ્પ પણ લેશે. ડો.કૌશિક મહેતા તથા રણછોડ ભરવાડે આ હિન્દુ સંગમમાં ભાગ લેવા હિન્દુ સંગઠનો, ધાર્મિક સંસ્થાઓ તથા હિન્દુ સમાજને અપીલ કરી હતી.

### ચાંપતો બંદોબસ્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૦ ડીવાયએસપી, ૫૦ પી.આઈ., ૧૫૦ પીએસઆઈ, ૪૦ મહિલા પીએસઆઈ, ૮૦૦ પોલીસ, ૧૫૦ મહિલા પોલીસ, ૧૦૦ ટ્રાફિક પોલિસ, ૨ કંપની એસ.આર.પી., ૨ મહિલા એસ.આર.પી પ્લાટુન, પાંચ વોટર કેનન અને ૩૦ વાહનોનો સમાવેશ થાય છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને શાંતિ તથા સલામતિને પગલે ઉપરોકત ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવીને સમગ્ર કાર્યક્રમ અને બંદોબસ્તનું સીધું સુપરવીઝન રેન્જ આઈ.જી. કરશે.

## શબ્દાવલી - ૫૦૧૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ■ | ૪ |
| ■ | ■ | ■ | ૫ | | ■ | ૬ | |
| ૭ | ૮ | ૯ | | ■ | ૧૦ | | |
| ૧૧ | | | ■ | ૧૨ | | | ■ |
| ૧૩ | | | ■ | | ■ | ■ | ૧૪ |
| | ■ | ■ | ૧૫ | | | ૧૬ | |
| ■ | ૧૭ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. લથપથ, એકદમ ભીનું(૬)
૫. પાંડવો હિમાલયમાં... ઓગાળવા ગયા હતા (૨)
૬. કૂવાની રેંટ (૨)
૭. પાનખર (૪)
૧૦. નુપુર, ઝાંઝર (૩)
૧૧. શિવજીનું... ડમડમ વાગે (૩)
૧૨. વેન, જીદ.... લેવો (૩)
૧૩. એજ જાતનું કાપડ (૩)
૧૫. કડક પોચી પુરી (૫)
૧૭. પંખી-પક્ષીઓનો અવાજ (૪)
૧૯. શરીર, તન (૨)
૨૦. યુવાનીનો જુસ્સો (૫)
૨૧. કેન્સલ (૨)

### ઊભી ચાવી

૨. પર્વત (૩)
૩. વૃક્ષના મૂળ પછી શરૂનો ભાગ (૨)
૪. પાક, મોલ (૩)
૬. પઝલ, ઉખાણુ (૩)
૭. પડી રહ્યું હોય તેવું (૪)
૮. અંધારૂં, અંધકાર (૩)
૯. ચોક્કસ (૩)
૧૦. આજકાલ લોકો બાપુજીને ... કહે છે (૨)
૧૨. ના કહેવા છતાં પરાણે કરવું (૫)
૧૪. રાવ, શિકાયત (૪)
૧૫. 'ફરાર' શબ્દ આડોઅવળો (૩)
૧૬. પોકારવું તે (૩)
૧૭. હસ્ત, હાથ (૨)
૧૮. પ્રેમને અંગ્રેજીમાં... કહેવાય (૨)

### શબ્દાવલી ૫૦૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) નધણિયાતું (૪) નર (૬) લાજવાબ (૮) દેરવટુ (૧૦) જબ (૧૧) તોબા (૧૩) ભાથુ (૧૪) ભરત (૧૫) દલીલ (૧૬) કાશ (૧૮) પ્રકાર (૧૯) સમાચાર

**ઊભી ચાવી :-** (૧) ધરાર (૩) તુલા (૪) નવાબ (૫) રબ (૭) જજબાત (૮) દેખભાળ (૯) વર્ષ (૧૧) તોરલ (૧૨) લાજશરમ (૧૪) ભલીવાર (૧૬) કાકા (૧૭) મામા (૧૮) પ્રતિ

# પીવાનું પાણી નહી હોવાથી યુવાનોને લગ્ન માટે ફાંફા

## વાઈબ્રન્ટ ગુજરાતના ગામડાના ઘણા યુવાનોની કરમની કઠણાઈ : અનેક ગામડાઓમાં દુકાળની સ્થિતિનું નિર્માણ

અમદાવાદ, તા.૨૯

એક બાજુ ગુજરાતના સંત આસારામ બાપુ હોળીના નામ ઉપર હજારોલીટર પાણી વેડફીનેસમાચારમાં પોતાનું સ્થાન મેળવી રહ્યાં છે. જ્યારે બીજી બાજુ રાજ્યમાં કેટલાક ભાગોમાં અત્યારથી દુકાળના ડાકલા વાગી રહ્યાં છે. આ દુકાળની શરૂઆતના પહેલો ભોગ કેટલાક ગામોના યુવાનો બન્યાં છે. કારણકે આ ગામના યુવકોના લગ્ન એટલા માટે નથી થતાં કારણકે આ ગામોમાં દુકાળની સ્થિતિનું નિર્માણ થયું છે અને પરિણામે આ ગામોમાં પીવાના પાણીના પણ ફાંફા છે.

વાત થોડી હાસ્યાસ્પદ છે. પરંતુ સાચી છે. વાઈબ્રન્ટની હવા વચ્ચે ગુજરાતમાં એવા પણ ગામો આવેલા છે. જ્યાંના યુવાનો તમામ લાયકાત ધરાવતા હોવા છતાં તેમના લગ્ન નથી થઈ રહ્યાં. એમનો ગુનો માત્ર એટલોજ છે કે, તે ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા નથી. જેમાંનું એક ગામ અમરેલી જીલ્લાનું દેદાન ગામ. જ્યાં પીવાના પાણીની સમસ્યા ગામના યુવાનોના લગ્ન માટે ઈન્તજારનું કારણ બની ગઈ છે.

૧૨૦૦૦ની વસ્તીવાળા આ ગામમાં પાછલા એક મહીનામાં ઓછામાંઓછા ૧૨ યુવાનોની સગાઈ તુટી ગઈ છેઅનેતમામ કિસ્સામાં કારણ એક સમાન છે. છોકરીઓના પરીવારજનો નથી ઈચ્છતા કે તેમની દિકરી પીવાનું પાણી ભરવા માટે રોજ પાંચ કિલોમીટર સુધી માથે બેડા મુકીને ચાલતી જાય. દેદાન ગામના એક ૨૫ વર્ષીય યુવક યુનુસ ગોરીના પરિવારજનોના જણાવ્યા મુજબ યુનુસની સગાઈ બે વર્ષ પહેલા પાલીતાણાની એક છોકરી સાથે થઈ હતી. જોકે જેવુંછોકરીના પરિવારજનોને ગામની પાણીની સમસ્યા અંગે માહિતી મળી કે તેમણે સગાઈ તોડી નાખી. કંઈક આવીજ હાલત ગામના એક ૨૮ વર્ષીય દુકાનદાર સનીર ગોરી છે. સનીરની સગાઈ પણ રાજકોટની એક છોકરી સાથે થઈ હતી. પરંતુ ગામમાં પાણીની સમસ્યાના કારણે તેમની સગાઈ તુટી ગઈ છે. આમ તો પુરો અમરેલી જીલ્લો પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. પરંતુ તેમાં દેદાન ગામની સ્થિતિ વધુ દયનીય છે. કારણકે ગામમાં પીવાના પાણીનો એક માત્ર સ્ત્રોત એવો કુવો પણ સુકાઈ ગયો છે. જેથી ગામ લોકોએ પાંચ કિલોમીટર ચાલીને બાજુના ગામમાં આવતા પાણીના ટેન્કરમાંથી પાણી ભરવા જવું પડે છે.

ગામના સરપંચ નજુભા રાઠોડના જણાવ્યા મુજબ, કોઈપણ વ્યક્તિ પોતાની દિકરીના લગ્ન આ ગામમાં કરવા માંગતો નથી. કારણકે ગામની પાણીની સ્થિતિ વધુને વધુ વિકટ બનતી જાય છે.

# પાણી માટે ગામો વચ્ચે યુદ્ધની જેવી સ્થિતિ થઈ

અમદાવાદ, તા.૨૯

સૌરાષ્ટ્રમાં જળ સંકટ વિકટ સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. તેમાં સૌથી ખરાબ હાલત અમરેલી જીલ્લાની છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં અમરેલીમાં સરેરાશના માત્ર ૫૬ ટકા જ વરસાદ થયો હતો. જેના કારણે જીલ્લાના તમામ ડેમ સુકાઈ ગયા છે. એકલા અમરેલી શહેરની વાત કરીએ તો કેટલાક વિસ્તારોમાં ૧૨ દિવસે એકવાર પીવાનું પાણી આપવામાં આવે છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પાંચ-સાત ગામો વચ્ચે એક ટેન્કર પાણી પહોંચાડવામાં આવે છે. જેથી આજુ-બાજુના ગામોએ પાંચથી દસ કિલોમીટર ચાલીને પાણી ભરવા જવું પડે છે. જ્યાં પાણીને લઈને ગામો વચ્ચે ક્યારે લોહીયાળ જંગ પણ ખેલાતો નજરે પડે છે.

### પ્લાન્ટ બંધ હાલતમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવતાં જિલ્લા વહીવટીતંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કુમાર અને કન્યાઓની મિશ્ર શાળાઓમાં એક સાથે શૌચાલયોની સુવિધાઓ ઉભી કરાઈ હોવાની હકીકતો પણ તંત્રના ધ્યાને આવી છે આવી શાળાઓની સંખ્યા પણ ૪૦ જેટલી હોવાનું જણાયું છે.

જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પેયજળની સુવિધા માટે ઉભા કરાયેલા આ પ્લાન્ટોની મરામત અને નિભાવણીમાં દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા તેમજ પાણી પુરવઠા તંત્ર પર દોષનો ટોપલો ઓઢાડવાના પ્રયાસોથી ચોંકી ઉઠેલા જિલ્લા કલેક્ટરે આ બાબતને ટોચની ઉગ્રતા આપી દરેક પ્રાંત અધિકારીઓની શાળાઓમાં પેયજળની સ્થિતિ અંગે અલગથી અહેવાલ તૈયાર કરી એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત તાત્કાલિક દુરસ્તીના પગલાં લેવા તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં ગુણોત્સવ યોજી અને ભૌતિક સુવિધાઓ અંગે અલગથી મૂલ્યાંકન કરવાની વાતો કરી રહી છે ત્યારે જિલ્લાનું બહાર આવેલુ વરવુ ચિત્ર એ સૌને હચમચાવી દીધા છે.

શિક્ષણ તંત્રમાં સરકારનું તંત્ર જુદુ ચાલે છે તો ભારત સરકાર પુરસ્કૃત સર્વશિક્ષા અભિયાન પણ અલગથી ચાલે છે અને સુવિધાઓ ઉભી કરાયેલી અટવાયેલી તેમજ ખોટવાયેલી હાલતમાં પડી છે.



એનસીપીના કાર્યકરોએ જુદી-જુદી માંગને લઈને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે દેખાવો કર્યો હતા.

## કંપની સમાચાર

### 'બ્રાન્ડ કેપિટલ ઓફ ન્યૂ ઈન્ડિયા - ગુજરાત' થી 'પાવર બ્રાન્ડઝ ગ્લેમ ૨૦૧૩'નો પ્રારંભ

પ્રતિષ્ઠીત 'ગ્લેમમી એૅવોર્ડઝ' ટ્રોફીના અનાવરણની સાથે અમદાવાદમાં 'પાવરબ્રાન્ડઝ ગ્લેમ ૨૦૧૩' સમારંભનો આજે પ્રારંભ થયો છે. ભારતના અત્યંત પાવરફૂલ બ્રાન્ડઝ

એૅવોર્ડમાં સમાવેશ પામતા પાવરબ્રાન્ડઝ ગ્લેમની ફિનાલે જૂન ૨૦૧૩માં લાસ વૅગાસ ખાતે યોજાશે. આજે સાંજે યોજાયેલા સમારંભમાં પ્લાનમૅન મિડિયાના એડિટર-ઈન-ચીફ અને આઈઆઈપીએમ થીંક ટેન્કના માનદ નિયામક પ્રો. અરિંદમ ચૌધરી તથા ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ અને ખનિજ અને પ્રવાસન પ્રધાન શ્રી સૌરભ પટેલ તથા ગુજરાત સરકારના અગ્રસચિવ, પ્રવાસન શ્રી વિપુલ મિત્રા મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.

આ મેગા ઈવેન્ટમાં દેશને સફળતાપૂર્વક નવી ઉંચાઈએ લઈ જનારા ભારતિય બિઝનેસમેન્સની અણનમ ભાવનાને બિરદાવવા માટે પ્રતિષ્ઠીત 'ગ્લેમમી એૅવોર્ડઝ' ટ્રોફી રજૂ કરાઈ હતી. આજની સાંજે બે પ્રતિષ્ઠીત એૅવોર્ડ અપાયા હતા, જેમાં બ્રાન્ડ કેપિટલ ઓફ ન્યૂ ઈન્ડિયા એૅવોર્ડ **(Brand Capital of New India)** ગુજરાત રાજ્યને અપાયો હતો, જે શ્રી સૌરભ પટેલે સ્વીકાર્યો હતો જ્યારે કલ્ટ ઈન્ડિયન પાવરબ્રાન્ડ **(CultIndian PowerBrand)** એૅવોર્ડ ગુજરાત ટુરિઝમને એનાયત કરાયો હતો જે શ્રી સૌરભ પટેલ અને શ્રી વિપુલ મિત્રાએ સ્વીકાર્યો હતો.

### ફિગરએક્ટિવ લિ.નો ભારતમાં પ્રવે શ

**ક્રિકેટ સ્ટાર્સ રેન્જના રિટેઈલિંગ માટે રિલાયન્સ હોમ વિડીયો એન્ડ ગેમ્સ સાથે જોડા ણની જાહેરાત કરી**

૨૦૧૩થી ક્રિકેટની અત્યંત વ્યસ્ત સિઝન શરુ થઈ રહી છે ત્યારે યુકે સ્થિત સૌથી ઝડપી ડિસ્ટ્રીબ્યુટર્સ, ઉત્પાદક અને લાઈસન્સ એક્વાયરર્સ ફિગરએક્ટિવ લિ.એ લાયસન્સ્ડ ટોય્ઝ અને કન્ઝ્યૂમર ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે પ્રવે શ કર્યો છે. આ ઉપરાંત તેમ ણે ભારતમાં તેમની પ્રથમ શ્રે ણી ક્રિકેટ સ્ટાર્સના વિતર ણ માટે રિલાયન્સ હોમ વિડીયો એન્ડ ગેમ્સ સાથે જોડા ણની પણ જાહેરાત કરી હતી. જેમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ રમતા જા ણીતા ક્રિકેટર્સના સંગ્રહી શકાય તેવા ફિગરનો સમાવે શ થાય છે.

આ જીવંત ફિગર્સ(પ્રતિમા)નું અનાવર ણ ફિગરએક્ટિવ લિ.ના ડિરેક્ટર રિકે શ રાજા તથા રિલાયન્સ હોમ એન્ડ વિડીયો એન્ડ ગેમ્સના સીઓઓ સ્વેતા અગ્નિહોત્રી દ્વારા કરાયું હતું. આ પ્રસંગે ફિગરએક્ટિવ લિ.ના ડિરેક્ટર શ્રી રિકે શ રાજાએ જ ણાવ્યું હતું કે ભારતમાં આગમન કરીને અમે અત્યંત આનંદની લાગ ણી અનુભવી રહ્યા છીએ અને અમને વિશ્વાસ છે કે અમારા ઉત્પાદનો સૌથી અનોખા હોવાની સાથે સાથે જ ભારતમાં કલેક્ટિબલ્સ માટેનો ટ્રેન્ડ શરૂ કરશે.

### એરિયલ કલર એન્ડ સ્ટાઈલથી સોહાઅલી ખાન ક્લીન બોલ્ડ

આજે ક્રિકેટની રમત સાવ જુદી જ બની ગઈ છે. પાંચ દિવસની લાંબી ટેસ્ટમેચનું સ્થાન હવે ટ્વેન્ટી-ટ્વેન્ટીએ લીધું છે. ક્રિકેટની રમતમાં હવે મહિલા દર્શકોની સંખ્યા પણ વધી છે. આજે ખેલાડીઓએ સપ્તાહમાં ચાર દિવસ સુધી પણ મેચ રમવી પડે છે, જેના કારણે તેમના કપડા અને રંગીન જરસીઓને વારંવાર ધોવી પડે છે. આ સમસ્યાને દૂર કરવા માટે એરિયલ દ્વારા ન્યુ એરિયલ કલર એન્ડ સ્ટાઈલની રજૂઆત કરવામાં આવી છે. એરિયલ દ્વારા અજોડ કલર લોક ટેક્નોલાજી સાથે 'માય કલર માય એરિયલ' ની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

બોલીવુડનો જાણીતો ચહેરો સોહા અલીખાન જણાવે છે કે આજની ક્રિકેટની રમત અગાઉની રમત કરતા ઘણી જ જુદી છે. મારા જેવા ક્રિકેટના ચાહકો માટે એરિયલ કલર એન્ડ સ્ટાઈલ મદદે આવ્યું છે, તેના કારણે માત્ર ડાઘાઓજ દૂર થતા નથી, પરંતુ તે કલરને જતો પણ અટકાવે છે.